પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૩ | ૧૨ ઓગસ્ટ, ૨૦૧૭, શનિવાર ; શ્રાવણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ફિસ્કલ ડેફિસિટ જીડીપીના ૩.૨ સુધી નીચે જશે

**રિટેલ ફુગાવો માર્ચ સુધી ચાર ટકાથી નીચેની સપાટીએ પહોંચશે : આર્થિક સર્વેક્ષણ : પ્રથમ વખત સરકારે વર્ષમાં બીજી વખત આર્થિક સર્વે રજૂ કર્યું : ૬.૭૫-૭.૫ ટકાનો વિકાસદર હાસલ કરવો મુશ્કેલ : કૃષિ લોન માફી મુશ્કેલરુપ બનશે**



નવી દિલ્હી,તા.૧૧

આર્થિક સર્વે ૨૦૧૬-૧૭નો ભાગ-૨ આજે રજૂ કરવામાં આવ્યો હતો જેમાં મહત્વપૂર્ણ બાબતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આમા સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે, ૬.૭૫-૭.૫ ટકાના વિકાસદરને હાસલ કરવાની બાબત મુશ્કેલરુપ રહેશે. આના માટે જે કારણ આપવામાં આવ્યા છે તેમાં મુખ્ય કારણ એ છે કે, રૂપિયામાં ઉથલપાથલ જોવા મળી રહી છે. કૃષિ લોન માફીનો નિર્ણય કેટલાક રાજ્યો દ્વારા કરવામાં આવ્યો છે. જીએસટી વ્યવસ્થાને અમલી કરવામાં આવ્યા બાદ કેટલાક પડકારો નવા સર્જાયા છે. આર્થિક સર્વેમાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. લોકસભામાં રજૂ કરવામાં આવેલા સર્વેમાં કહેવામાં આવ્યું છે કે, ભારતીય અર્થતંત્રમાં માળખાકીય સુધારાઓના કારણે નવો આશાવાદ જાગ્યો છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ને અમલી બનાવવામાં આવ્યા બાદ, નોટબંધીની સારી અસર, એર ઈન્ડિયાના ખાનગીકરણનો સૈદ્ધાંતિક નિર્ણય, એનર્જી સબસિડીને વધુ તર્કસંગત બનાવવાની બાબત તથા ટ્વીન બેલેન્શીટને લઈને રહેલી તકલીફોને દૂર કરવા લેવામાં આવેલા પગલાની સીધી અસર આશાસ્પદ સંજોગ તરીકે છે. પ્રથમ વખત સરકારે અર્ધવાર્ષિક આર્થિક સર્વે રજૂ કર્યો હતો. અથવા તો બીજુ આર્થિક સર્વે રજૂ કર્યુ હતું જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં આર્થિક સર્વે રજૂ કરવામાં આવ્યા બાદથી અર્થતંત્ર સામે રહેલા કેટલાક પરિબળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે, વર્તમાન ફુગાવો ચાર ટકાથી નીચે ચાલી રહ્યો છે. માર્ચ ૨૦૧૮ સુધી ફુગાવો આરબીઆઈના મધ્યમ અવધિના ચાર ટકાના અંદાજથી નીચે રહી શકે છે. હાલમાં નોમિનલ એક્સચેંજ રેટની પણ અસર જોવા મળી રહી છે. મોનસુનની અસર પણ દેખાઈ છે. આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, જીડીપી, આઈઆઈપી, ક્રેડિટ ઈન્વેસ્ટમેન્ટ, કેપેસિટી યુટીલાઈઝેશન જેવા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ગોરખપુરમાં ૩૦ બાળકોના મોત



ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના મત વિસ્તાર ગોરખપુરની બીઆરડી હોસ્પિટલમાં ઓક્સીજન સપ્લાય બંધ થતાં એક સાથે ૩૦ બાળકોના મોત નીપજ્યાં હતા.

### દવિન્દરસિંગ કંગે ઈતિહાસ રચ્યો

ભાલાફેંકની વિશ્વ ચેમ્પિયન શીપમાં ભારતના દવિન્દરસિંગ કંગ ક્વોલીફાઈ થતાં ઈતિહાસ રચાયો છે. તેઓ ભારતના પ્રથમ ભાલાફેંકના ખેલાડી છે.

### યુપીમાં મદ્રેસાઓમાં ૧૫મીએ રાષ્ટ્રગીત ફરજીયાત ગાવાના હુકમ

ઉત્તરપ્રદેશના તમામ મદ્રેસાઓમાં સ્વાતંત્ર્ય દિને ફરજીયાત રાષ્ટ્રગીત ગાવાના આદેશ અપાયા છે. દરેક મદ્રેસા પર ત્રિરંગો લહેરાવવો ફરજિયાત રહેશે.

### ૮૧ લાખ આધારકાર્ડ નિષ્ક્રીય કરાયા

દેશમાં અત્યાર સુધીમાં ૮૧ લાખ આધારકાર્ડ નિષ્ક્રીય કરાયા છે. નાણામંત્રી અરૂણ જેટલીએ વધુમાં જણાવ્યું હતું કે આધાર અને પાન લીંક કરવાની કોઈ મુદત નક્કી કરાઈ નથી.

# અયોધ્યા કેસની વધુ સુનાવણી પાંચમી ડિસેમ્બરે

**સાક્ષીઓના નિવેદન ઉર્દૂ, સંસ્કૃત, અરબી ભાષામાં પણ છે : મામલા સાથે જોડાયેલા કાગળો અને દસ્તાવેજોના અનુવાદ માટે સુપ્રીમ દ્વારા ત્રણ મહિનાની મહેતલ અપાઈ : આ મામલામાં આગળ તારીખ અપાશે નહીં**

નવી દિલ્હી,તા.૧૧

અયોધ્યામાં રામ મંદિર અને બાબરી મસ્જિદ ટાઈટલ વિવાદ મામલામાં સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે આ મામલા સાથે જોડાયેલા કાગળો અને દસ્તાવેજોના અનુવાદ માટે ત્રણ મહિનાનો સમય આપ્યો છે. સુનાવણી દરમિયાન સુન્ની વક્ફ બોર્ડે કહ્યું હતું કે, મૂળ ઐતિહાસિક દસ્તાવેજ સંસ્કૃત, ઉર્દૂ, પારસી અને અરબી ભાષામાં છે. આનુ અનુવાદનું કામ હજુ પૂર્ણ થયું નથી. ત્યારબાદ કોર્ટે આના માટે વધુ ત્રણ મહિનાની મહેતલ આપી હતી. મામલાની આગામી સુનાવણી હવે પાંચમી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે. ત્રણ જજની સ્પેશિયલ બેંચે આ મામલાની સુનાવણી હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટમાં સાત વર્ષ બાદ

અયોધ્યા મામલાની સુનાવણી થઈ હતી. કોર્ટે કહ્યું હતું કે, સાત



ભાષાવાળા દસ્તાવેજોની સૌથી પહેલા અનુવાદ કરવામાં આવે તે જરૂરી છે. કોર્ટને એમ પણ કહેવામાં આવ્યું હતું કે, તે આ મામલામાં આગળ કોઈ તારીખ આપશે નહીં. ઉલ્લેખનીય છે કે, આ મામલા સાથે જોડાયેલા નવ હજાર પેજના દસ્તાવેજ અને ૯૦ હજાર પાનામાં દાખલ કરવામાં આવેલા સાક્ષીઓના નિવેદન પારસી, સંસ્કૃત, અરબી સહિતની

● અનુસંધાન પાન-૭ પર

# બિહારમાં આઈએએસ ઓફિસર મુકેશ પાંડેએ આત્મહત્યા કરી

**કોટગાંવ પાસે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી : વોટસએપ પર લખી સુસાઈડ નોટ**

પટણા,તા.૧૧

બિહારના બક્સરના ડીએમ મુકેશ પાંડેએ ગાઝિયાબાદમાં ગુરુવારે સાંજે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. તેમનો મૃતદેહ સ્ટેશનથી એક કિલોમીટર દૂર કોટગાંવ પાસે રેલવે ટ્રેક પર કપાયેલી હાલતમાં મળી આવ્યો. જીઆરપીનું કહેવું છે કે પ્રાથમિક તપાસમાં તે આત્મહત્યાનો મામલો લાગી રહ્યો છે. તેમના મૃતદેહનું આજે પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. પોલીસ સૂત્રોના જણાવ્યાં મુજબ તેઓ એક ફાઈવ સ્ટાર હોટેલના રૂમ નંબર ૫૨૪માં રહેતા હતાં. મીડિયા રિપોર્ટ્સ મુજબ લીલા પેલેસ હોટેલમાંથી જે સ્યૂસાઈડ નોટ મળી આવી છે તેમાં લખ્યું હતું કે હું મારી પત્ની અને મારા માતા-પિતા વચ્ચે થઈ રહેલા ઝગડાથી ખુબ પરેશાન છું. જેના કારણે આ પગલું ઉઠાવી રહ્યો છું. મુકેશના સસરાએ ગુરુવારે સરોજિની નગર પોલીસ સ્ટેશનમાં તેમના ગુમ થવાનો રિપોર્ટ નોંધાવ્યો હતો.

# ગોંડલના ભાજપના ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને આજીવન કેદ

**હાઇકોર્ટનો અતિ મહત્વનો ચુકાદો : નિલેશ રૈયાણી હત્યા કેસ મામલે ભાજપ ધારાસભ્ય જયરાજસિંહ સહિત ત્રણને જન્મટીપ**

અમદાવાદ,તા.૧૧

ગોંડલના ચકચારી એવા નિલેશ રૈયાણી મર્ડર કેસમાં ગોંડલના ત્રણ વ્યક્તિઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ત્રણને આજીવન કેદ તો ત્રણને નિર્દોષ છોડવામાં આવ્યા છે. આજીવન કેદની સજા મેળવનારા પૈકી એક નામ ગોંડલના ધારાસભ્ય જયરાજસિંહનું પણ નામ છે.

તા. ૮/૨/૨૦૦૪ની રાતે ગોંડલમાં જેસિંગ કાળા ચોકમાંથી યુટિલિટી જીપમાં પસાર થઈ રહેલા વાછરા ગામના નિલેશ મોહનભાઈ રૈયાણી, જયેશ સાટોડિયા અને રામજી મારકણા કન્યા છાત્રાલય અને ત્યાંથી પરત રાજવાડી તરફ જઈ રહ્યા હતા ત્યારે ત્રણ ગાડીમાં આવેલા જયરાજસિંહ, અમરજીતસિંહ જાડેજા સહિતના આરોપીઓએ ફાયરિંગ કરીને નિલેશ રૈયાણીની હત્યા કરી હતી. આરોપીઓએ વિક્રમસિંહની હત્યાનો બદલો લેવા પૂર્વયોજિત કાવતરું રચીને હત્યા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

ગોંડલના ચકચારી એવા નિલેશ રૈયાણી મર્ડર કેસમાં આરોપી ગોંડલના ધારાસભ્ય જયરાજસિંહ ટેમુભા જાડેજા, મહેન્દ્રસિંહ ઉર્ફે ભગતસિંહ રાણા, અમરજીત સિંહ જાડેજાની સામે નિલેશ રૈયાણી મર્ડર કેસમાં ચાલતી અપીલ હાઈકોર્ટમાં જતા ત્રણે આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. હાઈકોર્ટે સુપ્રીમકોર્ટમાં અપીલમાં જવા માટે ૪૫ દિવસની સમયમર્યાદા આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઉપરાષ્ટ્રપતિ પદે વેંકૈયા નાયડુનો શપથવિધિ

**૭૦ના દાયકાથી સંઘ સાથે જોડાયા નાયડુ દેશના ૧૩માં અને આંધ્રપ્રદેશના ત્રીજા ઉપરાષ્ટ્રપતિ બન્યા : વેંકૈયા નાયડૂને રામનાથ કોવિંદે લેવડાવ્યા શપથ, કોંગ્રેસે નાયડુને કર્તવ્યની યાદ અપાવી, આઝાદે કર્યો નેહરુથી લઈને ગાંધી સુધીનો ઉલ્લેખ**



ન્યુ દિલ્હી,તા.૧૧

વેંકૈયા નાયડૂએ શુક્રવારે ઉપરાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળી લીધો છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તેમને રાષ્ટ્રપતિ ભવનમાં પદ અને ગોપનીયતાના શપથ અપાવ્યા હતા. નાયડૂએ હિંદીમાં શપથ લીધા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદી, અમિત શાહ, પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ, ગૃહમંત્રી રાજનાથ સિંહ સહિત અનેક નેતાઓ હાજર રહ્યા હતા. ૫ ઓગસ્ટે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી થઈ હતી. નાયડૂએ યુપીએના ઉમેદવાર ગોપાલકૃષ્ણ ગાંધીને હરાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુરુવાર હામિદ અંસારીનો ઉપરાષ્ટ્રપતિ તરીકે છેલ્લો દિવસ હતો. વડાપ્રધાન મોદી અને વિપક્ષે રાજ્યસભામાં વેંકૈયા નાયડૂનું સ્વાગત કર્યું હતું.

પીએમ મોદી અને અમિત શાહ સહિત મોટા નેતાઓ આ સમારોહમાં હાજર રહ્યાં હતાં. શપથગ્રહણ સમારોહ પછી સભાપતિ તરીકે વેંકૈયા

● અનુસંધાન પાન-૭ પર

# કોઈપણ પડકારને પહોંચવા ભારતીય સેના સંપૂર્ણ સમર્થ છે : અરૂણ જેટલી

**લોકસભામાં અરુણ જેટલીએ ખાતરી આપી : ડોકલામ વિવાદની વચ્ચે કોઇપણ શંકા નહીં રાખવા તમામ સભ્યોને જેટલીનું સૂચન**

નવીદિલ્હી,તા. ૧૧

સિક્કિમ સેક્ટરની પાસે ડોકલામ વિસ્તારમાં ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા ગતિરોધ વચ્ચે નાણામંત્રી અરુણ જેટલીએ આજે લોકસભામાં કહ્યું હતું કે, ભારતીય સેના કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ડોકલામમાં ગતિરોધ વચ્ચે ચીન દ્વારા તિબેટમાં સૈનિકોની ગતિવિધિઓના અહેવાલ અને પાકિસ્તાનના એક લશ્કરી અધિકારી દ્વારા પોતાના સંરક્ષણ ઉદ્યોગનો ભારતથી વધારે શ્રેષ્ઠ હોવાની વાત કરવાના અહેવાલના



સંદર્ભમાં પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં જેટલીએ કહ્યું હતું કે, ભારતીય સેના કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951 નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આયુર્વેદિક દવાઓ
NAGARJUNA | BAN Since 1966 | Himalaya HERBAL HEALTHCARE | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | पतंजलि | Baidyanath ASLI AYURVED | Dabur | SANDU | Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

નાગ પંચમી
ખાજા
શુધ્ધ ઘી ના ગળ્યા | તેલ ના ગળ્યા
ખારા | તીખા | મોળા
મીક્ષ ચવાણું | ખટ્ટા મીઠા
Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com